# Media Coverage

Date : 20/02/2023




"છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં
પણ રણછોડ દેખાવા જોઈએ"
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## ભરૂચ જિલ્લાના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર"નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્‌હસ્તે કરાયો શિલાન્યાસ

નવગુજરાત સમય

આશ્રય | મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું : વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો છે, પણ દિવ્યાંગ વૃદ્ધો માટે કોઈ વૃદ્ધાશ્રમો નથી

# ઝઘડિયાના ઉચેડિયા ગામે આકાર પામશે વિશ્વનો પહેલો દિવ્યાંગ વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'

નવગુજરાત સમય > રાજપારડી






ભરૂચ જિલ્લો હવે દુનિયામાં દિવ્યાંગો માટેના ૧.૬૫ લાખ ચોરસ ફૂટ જમીનમાં આકાર પામનાર ઓલ્ડ એજ રિસોર્ટનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. દુનિયામાં વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો આવેલા છે, પણ દિવ્યાંગ વૃદ્ધો માટે કોઈ વૃદ્ધાશ્રમો નથી. જેને રિસોર્ટ તરીકે મૂર્તિમંત કરી પ્રભુના ઘર તરીકે નિર્માણ કરવાનું બીડું સુરતના પદ્મશ્રી કનુભાઈ ટેલરે લીધું છે.

ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના પ્રમુખ એવા પદ્મશ્રી કનુભાઈ ટેલર ૨૦૦ દિવ્યાંગ વૃદ્ધ નિઃશુલ્ક રહી શકે તે માટે આ વિશ્વનો પહેલો દિવ્યાંગ વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. જેમાં સ્વિમિંગ પુલ, ગેમ ઝોન, સહિતની ૪૮ આધુનિક સુવિધા અને સવલતો આપવામાં આવશે. મુખ્ય પ્રવેશ, હીયર ચોક, લોબી અને રિસેપ્શન. કોન્ફરન્સ હોલ, સિક્યુરિટી અને સર્વેલન્સ રૂમ. એડમિન ઓફિસ, ટોયલેટ, એકાઉન્ટ્સ અને ફાઈનાન્સ ટ્રસ્ટી ઓફિસ. અધ્યક્ષનું કાર્યાલય અને રૂમ, ગૌશાળા, કમળના તળાવ સાથેનું મંદિર. સ્વિમિંગ પૂલ, ગેમ્સ ઝોન, લાઈબ્રેરી, શાવર અને ચેન્જિંગ રૂમ. મસાજ રૂમ, પ્રાર્થનાના હોલ, મલ્ટિપર્પઝ લોન, વીઆઈપી ગેસ્ટ હાઉસ, કિચન ડાઈનિંગ હોલ, મેઈન સ્ટોર, મેઈન કિચન, જનરલ સ્ટોર, મેડિકલ સ્ટોર, નર્સિંગ રૂમ, ફિઝીયોથેરાપી રૂમ, ઓપીડી રૂમ, કાઉન્સલિંગ રૂમ , હાઉસકીપિંગ, સ્ટોર્સ અને લોન્ડ્રી,. હર્બેરિયમ, લોન એરિયા ગાઝેબો કિચન ગાર્ડન, મલ્ટિપર્પઝ કોર્ટ, પાથવે, પ્રાઈવ, ડબલ બેડ અને સિંગલ બેડના રૂમ્સ. ડોરમેટરી, સ્ટાફ ક્વાર્ટર, ઇમરજન્સી મોટરેબલ એક્સેસ અને પાર્કિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બનાવાશે.

ભારત દેશ અને ગુજરાત રાજ્યમાં કોઈ પણ જગ્યાએ દિવ્યાંગ વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમની વ્યવસ્થા નથી. સામાન્યરીતે અન્ય વૃદ્ધાશ્રમોમાં દિવ્યાંગ વૃદ્ધોને તેમની દિવ્યાંગતાને લીધે આશ્રય આપવામાં આવતો નથી ત્યારે આવા વૃદ્ધોની સ્થિતી દયાજનક બની જાય છે. આથી સંસ્થાએ દિવ્યાંગ વૃદ્ધોને આશ્રય મળી રહે તે માનવીય હેતુથી વૃદ્ધાશ્રમ શરૂ કરવાનું નક્કી કર્યું છે. ભરૂચના ઝઘડિયાના ઉચેડિયા ગુમાનદેવ હનુમાનદાદાના મંદિર સાથે ખુબ આધુનિક તમામ સગવડો સાથે એક રીસોર્ટ જેવુ બનાવી જ્યાં ૨૦૦ નિરાધાર દિવ્યાંગો સ્વમાનભેર જીવનના અંતિમ દિવસો પસાર કરે તેવું આયોજન કરાયું છે. પ્રભુ નું ઘર વૃદ્ધાશ્રમ માટે કે પી ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમ બનાવવાની તમામ નાણાકીય સહાય આપવાનું એલાન કેપી ગ્રુપના ફારૂક ભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં દિવ્યાંગો મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે તે માટે તમામ પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે,

સંદેશ

## ૨૦૦ વૃદ્ધ દિવ્યાંગોને ૪૯ વિવિધ અદ્યતન સગવડો મળશે

# ઉચેડિયા ગામે આકાર પામશે વિશ્વનું પ્રથમ દિવ્યાંગ વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર"

## મુખ્યમંત્રીએ ભૂમિપૂજન કર્યું : કે. પી. ગ્રૂપ દ્વારા રૂા.૨૧ લાખનો ચેક અપાયો

। ઝઘડિયા ।

દુનિયાનો પહેલો દિવ્યાંગ વૃદ્ધો માટેનો રિસોર્ટ નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ આ વિશ્વના પેહલા દિવ્યાંગ વૃદ્ધાશ્રમ પ્રભુના ઘરનું ભૂમિપૂજન કર્યું.

આ પ્રસંગે ભૂમીપૂજન કર્યા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં દિવ્યાંગોને મુખ્ય પ્રવાહમાં આવે તે માટે તમામ પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ એક દિવ્ય અને ઈશ્વરમય કાર્ય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જેનો શિલાન્યાસ અમે કરીએ છીએ, તેનું રોકાણ પણ અમે જ કરીએ છીએ તે પ્રમાણે અમુક કામ કરીએ છીએ તેમ તેમણે જણાવ્યું હતું.

વિશ્વની પ્રાચીન નગરી ભરૂચ હવે દુનિયામાં દિવ્યાંગો માટેના ૧.૬૫ લાખ ચોરસ ફૂટમાં આકાર પામનાર ઓલ્ડ એજ રિસોર્ટનું સાક્ષી બનશે. દુનિયામાં વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો આવેલા છે, પણ દિવ્યાંગ વૃદ્ધ માટે કોઈ વૃદ્ધાશ્રમ નથી. જેને રિસોર્ટ તરીકે મૂર્તિમંત કરી પ્રભુના ઘર તરીકે નિર્માણ કરવાનું બીડું સુરતના પદ્મશ્રી કનુભાઈ ટેલરે ઝડપ્યું છે.

ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ એવા પદ્મશ્રી કનુ ટેલર ૨૦૦ દિવ્યાંગ વૃદ્ધ નિઃશુલ્ક રહી શકે તે માટે આ વિશ્વનો પહેલો દિવ્યાંગ વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે.




દિવ્યાંગ વૃદ્ધાશ્રમના ભૂમીપૂજન પ્રસંગે મુખ્યમંત્રી સાથે આગેવાનો નજરે પડે છે.

જેમાં સ્વિમિંગ પુલ, ગેમ ઝોન, સહિતની ૪૯ આધુનિક સુવિધા અને સવલતો આપવામાં આવશે.

મુખ્ય પ્રવેશ, ફીચર વોલ, લોબી અને રિસેપ્શન, કોન્ફરન્સ હોલ, સિક્યુરિટી અને સર્વેલન્સ રૂમ, એડમિન ઓફિસ, ટોયલેટ, એકાઉન્ટ્સ અને ફાઈનાન્સ ટ્રસ્ટી ઓફિસ, અધ્યક્ષનું કાર્યાલય અને રૂમ, ગૌશાળા, કમળના તળાવ સાથેનું મંદિર, સ્વિમિંગ પૂલ, ગેમ્સ ઝોન, લાઈબ્રેરી, શાવર અને ચેન્જિંગ રૂમ, મસાજ રૂમ, પ્રાર્થનાના હોલ, મલ્ટિપર્પઝ લોન, વીઆઈપી ગેસ્ટ હાઉસ, કિચન ડાઈનિંગ હોલ, મેઈન સ્ટોર, મેઈન કિચન, જનરલ સ્ટોર, મેડિકલ સ્ટોર, નર્સિંગ રૂમ, ફિઝીયોથેરાપી રૂમ, ઓપીડી રૂમ, હાઉસકીપિંગ, સ્ટોર્સ અને લોન્ડ્રી, મલ્ટિપર્પઝ કોર્ટ, પાથવે, ડ્રાઈવ, ડબલ બેડ અને સિંગલ બેડના રૂમસ, ડોરમેટરી, અને પાર્કિંગ. ભારત દેશ અને ગુજરાત રાજ્યમાં કોઈ પણ જગ્યાએ દિવ્યાંગ વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમની વ્યવસ્થા નથી.

સામાન્ય વૃધ્ધાશ્રમમાં દિવ્યાંગ વૃધ્ધોને તેમની દિવ્યાંગતાને લીધે કોઈ પણ વૃધ્ધાશ્રમમાં તેમને આશ્રય આપવામાં આવતો નથી. આવા વૃધ્ધોની સ્થિતી દયમય બની જાય છે. આથી સંસ્થાએ દિવ્યાંગ વૃધ્ધોને વિનામુલ્યે આશ્રય મળી રહે તે માનવીય હેતુથી વૃધ્ધાશ્રમ શરૂ કરવાનું નકકી કર્યું છે.

ભરૂચના ઝઘડિયાના ઉચેડિયા ગુમાનદેવ હનુમાનદાદાનાં મંદિર સામે ખુબ આધુનિક તમામ સગવડો સાથે એક રીસોર્ટ જેવુ બનાવી જયાં ૨૦૦ નિરાધાર દિવ્યાંગોને વિનામુલ્યેજીવનનાં અંતિમ દિવસો પસાર કરે તેવું આયોજન કરાયું છે. પ્રભુનું ઘર વૃદ્ધાશ્રમ માટે કે પી ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમ બનાવવાની તમામ નાણાકીય સહાય આપવાનું એલાન કેપી ગ્રુપના ફારુકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર

### ઉચેડીયામાં દિવ્યાંગો માટેના વૃધ્ધાશ્રમનું ભૂમિપૂજન

# દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ : સીએમ



ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઝઘડિયા તાલુકાના ઉચેડીયામાં દિવ્યાંગો માટેના વૃધ્ધાશ્રમના ભૂમિપૂજન અવસરે જણાવ્યું હતું.

દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઈ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મ શ્રી કનુભાઈ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે 40 કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ \'પ્રભુનું ઘર"નું ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલેના વરદ હસ્તે શિલાન્યાસ કરાયો હતો.

મુખ્યમંત્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવી શકાય તે માટે સતત ચિંતા કરીને તે દિશામાં અનેક યોજના અમલમાં મુકી છે. છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ. સંસ્થાના કનુભાઈ ટેલરે જણાવ્યું હતું કે, ડબલ એન્જીનની સરકારમાં દિવ્યાંગજનોનો સાચા અર્થમાં ભાગ્યોદય થવાનો છે. ઉચેડિયા ખાતે આકાર લેનારા વૃધ્ધાશ્રમમાં 200 દિવ્યાંગો રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આખા વૃધ્ધાશ્રમને રીસોર્ટ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગુમાનદેવ હનુમાનજીના દર્શન કર્યા

દિવ્યાંગોના વૃદ્ધાશ્રમના શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુમાનદેવ મંદિરમાં ગુમાનદેવ હનુમાનજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ગુમાનદેવ હનુમાનજીનું મંદિર વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત મંદિર છે અને દર વર્ષે હજારો લોકો ગુમાનદેવ દાદાના ચરણોમાં શિશ ઝુકાવતાં હોય છે.

**ગાંધીનગર સમાચાર**

# દુનિયાનો પહેલો દિવ્યાંગ ઓલ્ડ એજ રિસોર્ટ ભરૂચમાં બનશે

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુર્હુત : ભરૂચમાં નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉંચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીંઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે





ભરૂચ,તા.૧૯

ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના ઉંચેડીયા ગામ નજીક નિર્માણ પામનાર દેશના પ્રથમ દિવ્યાંગ વૃધ્ધાશ્રમનું રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

દિવ્યાંગ વૃદ્ધો માટેનો રિસોર્ટ ભરૂચમાં નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉંચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીંઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આ પ્રકલ્પનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચ જિલ્લાના ધારાસભ્યો રિતેશ વસાવા, ઈશ્વરસિંહ પટેલ, રમેશ મિસ્ત્રી, ડી.કે.સ્વામી, પદ્મશ્રી કનુ ટેલર, કલેક્ટર તુષાર સુમેરા, જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ, ગુજરાત, દેશ અને દુનિયામાં વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો આવેલા છે. પણ દિવ્યાંગ વૃદ્ધ માટે કોઈ વૃદ્ધાશ્રમ નથી. જેને રિસોર્ટ તરીકે આકાર આપી પ્રભુના ઘર તરીકે નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય સુરતના પદ્મશ્રી કનુભાઈ ટેલર કરવાના છે.

ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ એવા પદ્મશ્રી કનુભાઈ ટેલર ૨૦૦ દિવ્યાંગ વૃદ્ધ નિઃશુલ્ક રહી શકે તે માટે આ વિશ્વનો પહેલો દિવ્યાગ વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. જેમાં સ્વિમિંગ પુલ, ગેમ ઝોન, સહિતની ૪૯ જેટલી આધુનિક સુવિધા અને સવલતો છે.

# છોડમાં દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ:મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૯

સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મશ્રી કનુભાઈ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે ૪૦ કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર"નું ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલેના વરદ હસ્તે શિલાન્યાસ કરાવો હતો.

## ધાર્મિક, સામાજિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સેવા કાર્યોને યોગ્ય અને જરૂરી મદદની રાજ્ય સરકારની ઈચ્છા

દિવ્યાંગો માટેના અદ્યતન વૃદ્ધાશ્રમના શિલાન્યાસ વેળાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દિર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવી શકાય તે માટે સતત ચિંતા કરીને તે દિશામાં અનેક યોજના અમલમાં મૂકી છે. આ ઉપરાંત ભગીરથ કાર્યને આગળ ધપાવવાના યજ્ઞમાં દેશમાં પ્રથમ વખત દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનું ઘરનું નિર્માણ કાર્ય થવા જઈ રહ્યું છે જે ખરેખર પ્રસંશનીય છે.

વધુમાં મુખ્યમંત્રીએ 'છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ' તેમ જણાવી આ સંસ્થાના દિવ્ય કાર્યની મુખ્યમંત્રીએ સરાહના કરી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગૌરવશાળી




નેતૃત્વમાં વિકાસની ગતિએ હરણફાળ ભરી રહેલા ભારતે વિદેશમાં રોજગારીની તકો ઉભી કરવાનું કાર્ય કર્યું છે, ત્યારે આજનું આ દિવ્ય અને ઈશ્વરિય કાર્યના શિલાન્યાસ થકી દિવ્યાંગો માટેના ભગીરથ કાર્યમાં વધુ એક ઉમેરો થયો છે. જે આત્મનિર્ભર ભારતથી આત્મનિર્ભર ગુજરાતના સ્વપ્નને ચરિતાર્થ કરવા માટે માત્ર સરકાર એકલા હાથે ન કરી શકે તેવા અનેક કાર્યોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ પણ આગળ આવતી હોય છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ધાર્મિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સમાજલક્ષી કાર્યોને રાજ્ય સરકાર તરફથી વધુમાં વધુ સહભાગી થવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

દિવ્યાંગોના વૃદ્ધાશ્રમના શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુમાનદેવ મંદિરમાં ગુમાનદેવ હનુમાનજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

## શહેરમાં દારૂ-જુગ

# ઝઘડિયાના ઉચેડિયા ગામે નવ વિંઘામાં આકાર પામશે વિશ્વનું પહેલું દિવ્યાંગ વૃધ્ધાશ્રમ પ્રભુનું ઘર

(પ્રતિનિધિ) રાજપારડી, તા.૧૯

દુનિયાનો પહેલો દિવ્યાંગ વૃદ્ધો માટેનો રિસોર્ટ ભરૂચમાં નર્મદા નદી કિનારે ઝઘડિયાના ઉચેડિયા ગામે ગુમાનદેવ મંદિર સામે સાડા ૯ વીંઘામાં કરોડોના ખર્ચે આકાર લેવા જઈ રહ્યો છે. મુખ્યમંત્રી મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ આ વિશ્વના પહેલા દિવ્યાંગ વૃદ્ધાશ્રમ પ્રભુના ઘરનું ભૂમિપૂજન કર્યું હતું. વિશ્વનિ પ્રાચીન નગરી ભરૂચ હવે દુનિયામાં

**૨૦૦ દિવ્યાંગો માટે સ્વીમીંગ પુલ, ગેમઝોન પ્રાર્થના- કોન્ફરન્સ હોલ અને મસાજ સેન્ટર સહિતની સુવિધા હશે**

દિવ્યાંગો માટેના ૧.૬૫ લાખ ચોરસ ફૂટમાં આકાર પામનાર ઓલ્ડ એજ રિસોર્ટનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. ભરૂચ, ગુજરાત, દેશ અને દુનિયામાં વૃદ્ધો, અનાથ, ગરીબો માટે તો અનેક આશ્રમો આવેલા છે, પણ દિવ્યાંગ વૃદ્ધ માટે કોઈ વૃદ્ધાશ્રમ નથી. જેને રિસોર્ટ તરીકે મૂર્તિમંત કરી પ્રભુના ઘર તરીકે નિર્માણ કરવાનું બીડું સુરતના પદ્મશ્રી કનુભાઈ ટેલરે લીધું છે. ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના પ્રમુખ એવા પદ્મશ્રી કનુ ટેલર ૨૦૦ દિવ્યાંગ વૃદ્ધ નિ:શુલ્ક રહી શકે તે માટે આ વિશ્વનો પહેલો દિવ્યાંગ વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. જેમાં સ્વિમિંગ પુલ, ગેમ ઝોન, સહિતની ૪૯ આધુનિક સુવિધા અને સવલતો આપવામાં આવશે. મુખ્ય પ્રવેશ, ફીચર વોલ, લોબી અને રિસેપ્શન. કોન્ફરન્સ હોલ, સિક્યુરિટી અને સર્વેલન્સ રૂમ. એડમિન ઓફિસ. ટોયલેટ, એકાઉન્ટ્સ અને ફાઇનાન્સ ટ્રસ્ટી ઓફિસ. અધ્યક્ષનું કાર્યાલય અને રૂમ, ગોશાળા, કમળના તળાવ સાથેનું મંદિર. સ્વિમિંગ પૂલ, ગેમ્સ ઝોન, લાઇબ્રેરી, શાવર અને ચેન્જિંગ રૂમ. મસાજ રૂમ, પ્રાર્થનાના હોલ, મલ્ટિપર્પઝ લોન, વીઆઇપી ગેસ્ટ હાઉસ, કિચન ડાઇનિંગ હોલ, મેઇન સ્ટોર, મેઇન કિચન, જનરલ સ્ટોર, મેડિકલ સ્ટોર, નર્સિંગ રૂમ, ફિઝીયોથેરાપી રૂમ, ઓપીડી રૂમ, કાઉન્સલિંગ રૂમ , હાઉસકીપિંગ, સ્ટોર્સ અને લોન્ડ્રી.. હર્બેરિયમ. લોન એરિયા ગાઝેબો કિચન ગાર્ડન, મલ્ટિપર્પઝ કોર્ટ, પાથવે, ડ્રાઈવ, ડબલ બેડ અને સિંગલ બેડના રૂમસ. ડોરમેટરી, સ્ટાફ ક્વાર્ટર, ઇમરજન્સી મોટરેબલ એક્સેસ અને પાર્કિંગ. ભારત દેશ અને ગુજરાત રાજ્યમાં કોઈ પણ જગ્યાએ દિવ્યાંગ વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમની વ્યવસ્થા નથી. સામાન્ય વૃધ્ધાશ્રમમાં દિવ્યાંગ વૃધ્ધોને તેમની દિવ્યાંગતાને લીધે કોઈ પણ વૃધ્ધાશ્રમમાં તેમને આશ્રય આપવામાં આવતો નથી. આવા વૃધ્ધોની સ્થિતી દયમય બની જાય છે. આથી સંસ્થાએ દિવ્યાંગ વૃધ્ધોને વિનામુંયે આશ્રય મળી રહે તે માનવીય હેતુથી વૃધ્ધાશ્રમ શરૂ કરવાનું નકકી કર્યું છે. ભરૂચના ઝઘડિયાના ઉચેડિયા ગુમાનદેવ હનુમાનદાદાનાં મંદિર સામે ખુબ આધુનિક તમામ સગવડો સાથે એક રીસોર્ટ જેવુ બનાવી. જ્યાં ૨૦૦ નિરાધાર દિવ્યાંગોને વિનામુલ્યે જીવનનાં અંતિમ દિવસો પસાર કરે તેવું આયોજન કરાયું છે. પ્રભુનું ઘર વૃદ્ધાશ્રમ માટે કે બી ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમ બનાવવાની તમામ નાણાકીય સહાય આપવાનું એલાન કેપી ગ્રુપના ફારુકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં દિવ્યાંગોને મુખ્ય પ્રવાહમાં આવે તે માટે તમામ પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે આ એક દિવ્ય અને ઈશ્વરમય કાર્ય છે જેનું શિલાન્યાસ આજરોજ કરવામાં આવ્યું છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે જેનો શિલાન્યાસ અમે કરીએ છીએ તેનું રોકાણ પણ અમે જ કરીએ છીએ તે પ્રમાણે અમુક કામ કરીએ છીએ તેમ તેમણે જણાવ્યું હતું.



ઝઘડિયાના ઉચેડિયા ગામે નિર્માણ પામનાર વિશ્વનું પહેલું દિવ્યાંગ વૃધ્ધાશ્રમ પ્રભુનું ઘરનું માતમુહૂર્ત કરતા મુખ્યપ્રધાન નજરે પડે છે. (તસ્વીરઃ ઈરફાન ખત્રી, રાજપારડી)

વેસ્ટર્ન ટાઈમ્સ

# ઝઘડિયાના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ "પ્રભુનું ઘર"નું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદહસ્તે કરાયો શિલાન્યાસ



(તસ્વીર: વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,** કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દિવ્યાંગોના ઉત્થાન માટે સતત ચિંતા સાથે અનેક કાર્યો થઈ રહ્યા છે. તેમાં વધુએક છોગું ઉમેરાતાં દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઈ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મશ્રી કનુભાઈ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે ૪૦ કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનું ઘર"નું ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલેના વરદ હસ્તે શિલાન્યાસ કરાયો હતો. દિવ્યાંગો માટેના અધ્યતન વૃદ્ધાશ્રમના શિલાન્યાસ વેળાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દિઘર્દષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવી શકાય તે માટે સતત ચિંતા કરીને તે દિશામાં અનેક યોજના અમલમાં મુકી છે. આ ઉપરાંત ભગીરથ કાર્યને આગળ ધપાવવાના યજ્ઞમાં દેશમાં પ્રથમ વખત દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનું ઘરનું નિર્માણ કાર્ય થવા જઈ રહ્યું છે જે ખરેખર પ્રસંશનીય છે.છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈઅધ તેમ જણાવી આ સંસ્થાના દિવ્ય કાર્યની મુખ્યમંત્રીશ્રીએ સરાહના કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગૌરવશાળી નેતૃત્વમાં વિકાસની ગતિએ હરણફાળ ભરી રહેલા ભારતે વિદેશમાં રોજગારીની તકો ઉભી કરવાનું કાર્ય કર્યુ છે,ત્યારે આજનું આ દિવ્ય અને ઈશ્વરિય કાર્યના શિલાન્યાસ થકી દિવ્યાંગો માટેના ભગીરથ કાર્યમાં વધુ એક ઉમેરો થયો છે. જે આત્મનિર્ભર ભારતથી આત્મનિર્ભર ગુજરાતના સ્વપ્રને ચરિતાર્થ કરવા માટે માત્ર સરકાર એકલા હાથે ન કરી શકે તેવા અનેક કાર્યોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ પણ આગળ આવતી હોય છે.ધાર્મિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સમાજલક્ષી કાર્યોને રાજ્ય સરકારશ્રી તરફથી વધુમાં વધુ સહભાગી થવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન ડિસેબલ વેલ્ફર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને પદ્મશ્રી ડૉ.કનુભાઈ ટેલરે કર્યુ હતું અને જણાવ્યું હતું કે, દિવ્યાંગોના વૃદ્ધાશ્રમનું શિલાન્યાસ કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના પિતૃઓના આશીર્વાદ લીધા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ડબલ એન્જીનની સરકારમાં દિવ્યાંગજનોનો સાચા અર્થમાં ભાગ્યોદય થવાનો છે.



ભરૂચ જિલ્લાના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નો રવિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે શિલાન્યાસ કરાયો હતો.

# છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ : મુખ્યમંત્રી

## ભરૂચ જિલ્લાના ઉચેડિયા ગામે દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નો રવિવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે શિલાન્યાસ કરાયો

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૧૯**

ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે ૪૦ કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નો રવિવારે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે શિલાન્યાસ કરાયો હતો. આ વૃદ્ધાશ્રમના નિર્માણથી ૨૦૦ જેટલા વૃદ્ધ દિવ્યાંગો માટે ૪૯ જેટલી વિવિધ અદ્યતન સગવડો ઉપલબ્ધ કરાવાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોના ઉત્થાન માટે સતત ચિંતા સાથે અનેક કાર્યો થઇ રહ્યા છે. તેમાં વધુ એક છોગું ઉમેરાતાં દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઇ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મશ્રી કનુભાઇ ટેલરના વિચારો થકી દિવ્યાંગો માટે આ અધ્યતન વૃદ્ધાશ્રમ આકાર લઇ રહ્યો છે. દેશમાં પ્રથમ વખત દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનું ઘરનું નિર્માણ કાર્ય થવા જઇ રહ્યું છે જે ખરેખર પ્રસંશનીય છે. 'છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઇએ' તેમ જણાવી આ સંસ્થાના દિવ્ય કાર્યની મુખ્યમંત્રીએ સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ ધાર્મિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સમાજલક્ષી કાર્યોને રાજ્ય સરકાર તરફથી વધુમાં વધુ સહભાગી થવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચનમાં ડિસેબલ વેલ્ફર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ પદ્મશ્રી ડો. કનુભાઈ ટેલરે જણાવ્યું હતું કે, દિવ્યાંગોના વૃદ્ધાશ્રમનું શિલાન્યાસ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેમના પિતૃઓના આશીર્વાદ લીધા છે. આ વેળાએ કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂકભાઇ પટેલે સંકુલના શિલાન્યાસ પ્રસંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં આ કાર્યને છેવાડાના માનવી માટે કરુણાનું ઝરણું સમાન ગણાવ્યું હતું. આ વેળાએ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ વ્હીલચેર ડાન્સ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. અંતમાં આભાર વિધિ ટ્રસ્ટી મોહનભાઇ નાયરે કરી હતી.

આ પ્રસંગે ભરૂચ જિલ્લા પંચાયત પ્રમુખ અલ્પાબેન પટેલ, ધારાસભ્યો ઇશ્વરસિંહ પટેલ, રમેશ મિસ્ત્રી, રિતેશ વસાવા, ડી. કે. સ્વામી, જિલ્લા અગ્રણી મારૂતિસિંહ અટોદરિયા, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા, જિલ્લા કલેકટર તુષાર સુમેરા, જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલ, જિલ્લા વિકાસ અધિકારી પી. આર. જોષી, ઝઘડિયા તાલુકા પંચાયત પ્રમુખ રીનાબેન વસાવા, નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ લીલાબેન વસાવા, નિવાસી અધિક કલેકટર એન. આર. ધાધલ, અધિકારી ઓ તેમજ પદાધિકારીઓ, દિવ્યાંગ બાળકો મોટી સંખ્યામાં લોકો પણ હાજર રહ્યા હતા.

દિવ્યાંગોના વૃદ્ધાશ્રમના શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે ગુમાનદેવ મંદિરમાં ગુમાનદેવ હનુમાનજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ વેળા તેઓની સાથે જિલ્લા અગ્રણી મારૂતિસિંહ અટોદરિયા, ધારાસભ્યો તેમજ આગેવાનો-પદાધિકારીઓ જોડાયા હતા.

ગુજરાત ગાર્ડિયન

# ભરૂચના ઉચેડિયા ગામમાં દેશનું પ્રથમ દિવ્યાંગ વૃદ્ધાશ્રમ 'પ્રભુના ઘર'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિલાન્યાસ કર્યો

ભરૂચ, તા.૧૯

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દિવ્યાંગોના ઉત્થાન માટે સતત ચિંતા સાથે અનેક કાર્યો થઈ રહ્યા છે. તેમાં વધુએક છોગું ઉમેરાતાં દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઈ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મશ્રી કનુ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે ૩૦ કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નું ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે શિલાન્યાસ કરાયો હતો.





## છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ: મુખ્યમંત્રી: વૃદ્ધાશ્રમના નિર્માણથી ૨૦૦ વૃદ્ધ દિવ્યાંગો માટે ૪૯ જેટલી વિવિધ અદ્યતન સગવડો ઉપલબ્ધ કરાવાશે

» છેલ્લા પાનાનું શેષ

**ભરૂચના ઉચેડિયા ગામમાં...**

દિવ્યાંગો માટેના અદ્યતન વૃદ્ધાશ્રમના શિલાન્યાસ વેળાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દિર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં કેવી રીતે લાવી શકાય તે માટે સતત ચિંતા કરીને તે દિશામાં અનેક યોજના અમલમાં મુકી છે. આ ઉપરાંત ભગીરથ કાર્યને આગળ ધપાવવાના ધક્ષમાં દેશમાં પ્રથમ વખત દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ પ્રભુનું ઘરનું નિર્માણ કાર્ય થવા જઈ રહ્યું છે જે ખરેખર પ્રશંસનીય છે.

વધુમાં મુખ્યમંત્રીએ "છોડમાં રણછોડ દેખાય છે તેમ દિવ્યાંગમાં પણ રણછોડ દેખાવા જોઈએ" તેમ જણાવી આ સંસ્થાના દિવ્ય કાર્યની સરાહના કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગૌરવશાળી નેતૃત્વમાં વિકાસની ગતિએ હરણફાળ ભરી રહેલા ભારતે વિદેશમાં રોજગારીની તકો ઉભી કરવાનું કાર્ય કર્યું છે, ત્યારે આજનું આ દિવ્ય અને ઇશ્વરિય કાર્યના શિલાન્યાસ થકી દિવ્યાંગો માટેના ભગીરથ કાર્યમાં વધુ એક ઉમેરો થયો છે. જે આત્મનિર્ભર ભારતથી આત્મનિર્ભર ગુજરાતના સ્વપ્નને ચરિતાર્થ કરવા માટે માત્ર સરકાર એકલા હાથે ન કરી શકે તેવા અનેક કાર્યોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ પણ આગળ આવતી હોય છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ધાર્મિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સમાજલક્ષી કાર્યોને રાજ્ય સરકાર તરફથી વધુમાં વધુ સહભાગી થવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના પ્રમુખ ડી.કનુ ટેલરે કર્યું હતું અને જણાવ્યું હતું કે, દિવ્યાંગોના વૃદ્ધાશ્રમનું શિલાન્યાસ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના પિતૃઓના આશીર્વાદ લીધા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ડબલ એન્જીનની સરકારમાં દિવ્યાંગજનોનો સાચા અર્થમાં ભાગ્યોદય થવાનો છે. આ વેળાએ કે.પી. ગ્રુપના ચેરમેન ફારૂક પટેલે સંકુલના શિલાન્યાસ પ્રસંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે,આ કાર્યને છેવાડાના માનવી માટે કરૂણાનું ઝરણું સમાન ગણાવ્યું હતું.

શિલાન્યાસના આ કાર્યક્રમની શરૂઆત મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય થકી કરવામાં આવી આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીનું મંચસ્થ મહેમાનો દ્વારા બુકે તથા શાલ સન્માન કરવામાં આવ્યું હતું. આ વેળાએ દિવ્યાંગ વિદ્યાર્થિઓએ વ્હીલચેર ડાન્સ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. અંતમાં આભાર વિધિ ટ્રસ્ટી મોહન નાયરે કરી હતી.

આ પ્રભુના ઘરના શિલાન્યાસ પ્રસંગે જિલ્લાના પંચાયત પ્રમુખ અલ્પા પટેલ, ધારાસભ્ય સર્વ ઈશ્વરસિંહ પટેલ,રમેશ મિસ્ત્રી, રિતેશ વસાવા, ડી.કે.સ્વામી, જિલ્લા અગ્રણી મારૂતિસિંહ અટોદરિયા, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા, જિલ્લા કલેકટરતુષાર સુમેરા, જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલ, જિલ્લા વિકાસ અધિકારી પી.આર. જોષી, તાલુકા પંચાયતના પ્રમુખ સર્વ રીના વસાવા, નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ લીલા વસાવા, તેમજ નિવાસી અધિક કલેકટર એન. આર.ધાધલ, અધિકારીઓ તેમજ પદાધિકારીઓ, દિવ્યાંગ બાળકો મોટી સંખ્યામાં લોકો પણ હાજર રહ્યા હતા.

સાથે સાથે દિવ્યાંગોના વૃદ્ધાશ્રમના શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુમાનદેવ મંદિરમાં ગુમાનદેવ હનુમાનજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ વેળા તેઓની સાથે જિલ્લા અગ્રણી મારૂતિસિંહ અટોદરિયા, ધારાસભ્યો તેમજ આગેવાનો-પદાધિકારીઓ જોડાયા હતા.

**કલાઇમેટ ચેન્જ સંકટ...**

ભેટ આપી, ગુજરાતનાં આદિવાસી ભાઇઓને મુખ્ય પ્રવાહમાં જોડવાનું કામ કર્યું છે તેમ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આહવા ખાતે જણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી કલાઇમેટ ચેન્જની સ્થિતિ વચ્ચે જળ, જમીન, અને જંગલના જતન સંવર્ધનના કાર્યોમાં સમગ્ર સરકાર તેમની સાથે છે તેમ જણાવી, વિસરાતા ધનધાન્ય ને વધુ લોકભોગ્ય બનાવવા ઉપરાંત સમાજને સ્વાસ્થ્યપ્રદ અન્ન, પાણી મળી રહે તે માટે વડાપ્રધાને 'મિલેટ વર્ષ' ની ઉજવણી થકી પ્રાકૃતિક ખેતીને પણ વૈશ્વિક સ્તરે નામના અપાવી છે તેમ ઉમેર્યું હતું. આદિવાસી વિસ્તારમાં વિકાસના અવનવા પ્રકલ્પોની ઝાંખી રજૂ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડો.આંબેડકર વનવાસી ટ્રસ્ટના સમજોપયોગી કાર્યોમાં સરકાર ખૂટતી કડીનું કાર્ય કરશે, તેમ જણાવી સંસ્થાના પ્રયાસોની સરાહના કરી હતી.

દરમિયાન ડો.ગજાનન ડાંગે જળ વાયુ પરીવર્તન સાથે જંગલ વિસ્તારની માટીના ધોવાણ અને જંગલની ઘટતી ગીચતા બાબતે સૌએ સાથે મળીને ચિંતા કરવાનો સમય પાકી ગયો છે તેમ

રાજસ્થાન પત્રિકા

## मुख्यमंत्री ने किया भूमिपूजन

# भरूच जिले में बनेगा देश का पहला दिव्यांग वृद्धाश्रम

**पत्रिका न्यूज नेटवर्क**
patrika.com



**भरूच/गांधीनगर.** भरूच जिले की झगड़िया तहसील के उचेड़िया गांव में दिव्यांग बुजुर्गों के लिए देश का पहला वृद्धाश्रम (रिसॉर्ट) बनेगा। मुख्यमंत्री भूपेन्द्र पटेल ने रविवार को इसका भूमिपूजन किया। इस अवसर पर उन्होंने कहा कि इस रिसॉर्ट से दिव्यांगों को जीवन के अंतिम समय में दुःख का सामना नहीं करना पड़ेगा। गुजरात के रक्त में ही सेवा की नीति है। उचेडिया गांव में नर्मदा नदी के किनारे साढ़े नौ बीघा जमीन पर 40 करोड़ के खर्च से दिव्यांग बुजुर्गों के लिए इस वृद्धाश्रम का निर्माण हो रहा है। इसे प्रभु के घर के रूप में विकसित किया जा रहा है। इसमें 200 बुजुर्गों को 49 तरह की अत्याधुनिक सुविधाएं मिलेंगी।

इस वृध्दाश्रम को रिसॉर्ट के रूप में निर्मित करने का काम डिसेबल वेलफेयर ट्रस्ट आफ इंडिया के अध्यक्ष पद्म श्री कनू भाई टेलर के मार्गदर्शन में किया जाएगा। इस अवसर पर अंकलेश्वर के विधायक व पूर्व मंत्री ईश्वर सिंह पटेल, झगडिया के विधायक रितेश वसावा, भरुच के विधायक रमेश मिस्त्री, जंबूसर के विधायक डी के स्वामी, जिला कलक्टर तुषार सुमेरा, एसपी डॉ. लीना पाटिल सहित अधिकारी कर्मचारी व ग्रामीण उपस्थित थे।

# CM lays foundation of old-age home for physically challenged in Bharuch

**EXPRESS NEWS SERVICE**
AHMEDABAD, FEBRUARY 19

CHIEF MINISTER Bhupendra Patel laid the foundation stone of an old-age home for the physically challenged (divyangs) at Uchediya village of Jhagadia taluka in Bharuch on Sunday.

The old-age home of Rs 40 crore, Patel said, was the "first in the country" and was being set up by the Disable Welfare Trust of India run by Surat-based Padma Shri awardee Kanubhai Tailor.



**CM Bhupendra Patel lays foundation stone of the old age home Sunday.** *Express*

To be called "Prabhunu ghar" (God's home), the old-age home, coming up on the banks of the Narmada, will have amenities to accommodate 200 inmates, a government release said.

KP Group's Farukbhai Patel also spoke on the occasion that was attended by Bharuch district panchayat president Alpaben Patel, BJP MLAs Ishwarbhai Patel, Ramesh Mistry and Ritesh Vasava.